સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

બેફિકર છે ગુન્હેગારો, કાયદાનો ડર નથી!
બેફામ આચરે અનીતિ, મર્યાદાનો ડર નથી!
કોર્ટ-ન્યાય ગરીબડાં થરથરે સત્તાધીશો સામે -
નેતાઓ છે સત્તાના સગા, વાયદા નો ડર નથી!

હાઈકુ

છેક બોર્ડરે -
- સિક્સર પ્રતિક્ષામાં,
થઇ ગ્યા કેચ!
(સચીન, નિવૃત્ત કરાયાં?)

માંડ મળી છે
ટીમ ને મોકળાશ -
રમો નિરાંતે..
(શિવસેના-શાંત
(પાકિસ્તાનની પદયરામણી)

ચિંતન

અસ્થિરં જીવિતં લોકે અસ્થિરે ધનયૌવને ।
અસ્થિરાઃ પુત્ર દારાશ્ચ ધર્મઃ કીર્તિદ્વેયં સ્થિરમ્ ॥

'આ લોક, સંસાર-વ્યવહારમાં, આયુષ્ય, ધન, યૌવન, પુત્રો-પુત્રીઓ અને સ્ત્રી આ બધાં જ અસ્થિર છે અર્થાત્ કોઇ કાયમી રહેવાનાં નથી, પરંતુ ફક્ત ધર્મ અને કીર્તિ આ બે જ વસ્તુ સ્થિર, કાયમી સાથે રહેવાની છે.'

જીવનમાં કરેલા સત્કાર્યો-સેવા અને પરોપકાર માટે કરેલાં પરમાર્થનાં કાર્યો જ સાચું જીવન છે. વ્યક્તિ નિઃસ્વાર્થપણે જરૂરિયાતમંદ દીન-દુખિયાંની, કોઇ જ અપેક્ષા વિના, ગુપ્ત રીતે કે ઢોલ-નગારાં-બેનર-ફોટા પડાવ્યાં વિના જ જો મદદ કરે તો એવાં સેવા કાર્યો જ 'સફળ' કહેવાય છે અને ઇશ્વરના દરબારમાં તો નોંધ લેવાય જ છે પણ સમાજ પણ યોગ્ય રીતે તેમની કદર કરે છે અને 'કીર્તિ' મળે જે જીવનના અંત પછી પણ સાથે આવે છે. આજે પૂર્વજ દાતાઓ કરેલાં સેવા કાર્યો અનેકને ઉપકારક છે અને લોકોના મૂક આશીર્વાદ પામે છે.

ઇશ્વરનું ચિંતન-પ્રાર્થના-ભજન-મનન આત્માની જાગૃતિ માટે છે જાગૃત આત્મા-જીવને દુષ્કૃત્યો કરતા અટકાવે છે અને જીવને સાચી દિશામાં લઇ જનારા પૂણ્યકાર્યો માટે પ્રેરે છે, અને જીવનની એજ સાચી દિશા છે. કોઇનું બુરૂં ન કરવું અને મદદ કરવી એ જ ધર્મ એ જ સત્કાર્ય છે.

આમ ધર્મ અને કીર્તિ જ જીવન દરમિયાન અને મૃત્યુ પછી પણ કામ આવવાનાં છે એ જ સ્થિર-કાયમી છે.

સુવિચાર

- જો પ્રેરણા અદમ્ય કાર્ય માટે હશે તો તેનું સામાજિક મૂલ્ય એટલું જ ઉતરતું હશે, ઉચ્ચહેતુ-સિધ્ધિ માટેની પ્રેરણાથી થયેલું કાર્ય એટલું જ ઉચ્ચ અને ચિરંજીવી હશે - **ગુરૂદત્ત**
- પ્રેરણા-એ એક એવો શબ્દ જેના દ્વારા કઠિન, અશક્ય જેવાં વિશેષ કાર્ય પણ એની શક્તિ દ્વારા સરળ બને છે - **સેમ્યુઅલ વાર્ટન**
- બાહ્ય કોઇ વસ્તુ-વ્યક્તિથી કંઇ જ થતું નથી, આપણા અંદરથી જે આવે છે તે જ 'પ્રેરણા' અને કાર્યશક્તિ છે - **નક્કી**
- અંતરની પ્રેરણા વિના ઉપડેલાં કામમાં થાક જલ્દી લાગે છે કંટાળાના બૂમ બરાડા શરૂ થઇ જાય છે - **એમીલ**
- સાચી 'પ્રેરણા' વિના કાર્ય કરનાર દિશાવિહીન દોડે છે - **એલ.એન. મિશ્ર**
- મનુષ્ય પ્રાયઃ પોતાની જિંદગી પોતાના મનમાં ઉઠેલી ખોટી 'પ્રેરણા' પાછળ ખર્ચાઇ જાય છે, ખરેખર તો 'પ્રેરણા'ને પોતાની જિંદગીની સેવામાં લગાડવી જોઇએ - **સ્ફીલ**

બોધ કથા

આપણી વૃત્તિ - વર્તનમાં નર્યો દંભ હોય છે આપણી જાતને પ્રસ્તૂત કરવામાં, ઘરની વ્યવસ્થા, ગોઠવણ, રંગની પસંદગી, કપડાં, બધું બીજા માટે, 'કોઇ આવે તો કેવું લાગે?', 'કોઇ જોઇ જશે તો તો શું વિચારશે' આમ આપણે બધું બીજાની પાસે સારા દેખાવા - દેખાડા કરીએ છીએ. ખરેખર તો જેવા છીએ તેવા જ દેખાવું. વર્તન કરવુ એ જ સાચી નિખાલસતા છે.

ઓલિવર ક્રોમવેલ ઇંગ્લેન્ડનો મોટો રાજનીજ્ઞ અને સેનાપતિ થઇ ગયો. તે વીરપુરૂષ તો હતો પણ અંતરથી શુધ્ધ-નિખાલસ-વર્તન-વિચારમાં એકરૂપ અને સ્પષ્ટ વક્તા હતો.. પણ એના ચહેરા પર લડાઇ-યુધ્ધના ઘાવ અને શીતળતાંનાં ચાઠાં હતા, તેથી દેખાવે ખૂબ જ બદસૂરત હતો.

એક ચિત્રકારે એનું સુંદર ચિત્ર બનાવ્યું એને એ ચિત્રમાં તેની બધી બદસૂરતી દૂર કરી ખૂબ સુંદર ચહેરો બનાવ્ય. 'ક્રોમવેલ'નું ખરેખર ખૂબ જ સુંદર ચિત્ર તૈયાર કર્યું અને ઓલિવરને અર્પણ કરવા ગયો.

દરબારીઓ અને પ્રશંસકોએ ચિત્રના ખૂબ જ વખાણ કર્યાં પણ ક્રોમવેલના નાકનું ટીચકું ચઢ્યું, કપાલમાં કરચલીઓ ઉપસી આંખમાં અભાવ ઉભરાયો અને બોલ્યો આ કોનું ચિત્ર છે! મારો ચહેરો આવો સુંદર ક્યાં છે? ચિત્રકાર કહે... પણ ચિત્રમાં આપ સુંદર દેખાવ એ શું જરૂરી નથી?

ક્રોમવેલ કહે, ના મને એવ દંભ પસંદ નથી, પ્રજા મારો ચહેરો નહીં મારૂં કાર્ય, અને હૃદયનું સૌંદર્ય જ જૂએ એમ હું ઇચ્છું છું.

તને શણગારેલ ચળકતા ટમટમતા તારલા અને નાની નાની ઘંટડીઓ તેમ જ તારી નાજુક ડાળખીઓ પર જામેલ બરફ બતાવવા સફેદ રૂના ફાયા જાણે કે હમણાં પીગળી પાણી થઇ જશે

નવાં ક્લેવર

- નટવર હેડાઉ

અત્યારે તને અલવિદા કહેતા મારે હિંમત એકઠી કરવી પડે છે. આમ તો હું સમજું છું કે તું શું હતો? તારૂં મહત્ત્વ શું હતું? એવું તે શું કારણ છે કે અત્યારે તને અલવિદા કહેતાં મારે હિંમત એકઠી કરવી પણ મુશ્કેલ બની રહી છે. એક વાત છે કે તને કોઇ ખાસ નામે નિરૂપિત કરવાની જરૂર પણ નથી. માનવની હસ્તી મટી જાય છે તો પછી તું તો માત્ર એક... જવા દો એ વાત પણ હાં આજે અમારા સૌ વચ્ચે તારો અંતિમ દિવસ છે. મેં તારીખ નોંધી રાખી છે. અમારી વચ્ચેથી તારા આમ અચાનક ખસી જવાની. હાં તારી યાદ અમને આજીવન અમારા હૃદયમાં અમીટ છાપ રૂપે જળવાઇ રહેવાની, કારણ કે તું તો અમારા તન મન અને જીવન સાથે ઓતપ્રોત રહ્યો છે. મારા ઘરના પાયા ખોદાણને દિવસે જ મેં તને અહીં રોપેલો, આ વિશાળ દરવાજાની ડાબી તરફ, તે વખતે માંડ તું છ મહિનાનો હોઇશ. એક મૂળ તેની આસપાસ થોડાંક તંતુઓ અને ઉપર નાની નાજુક ડાળખીઓ ઉપર સુંદર મજાની કુંપળો ફૂટેલી હતી. મકાનને બરાબર તૈયાર થતાં લગભગ બે વર્ષ લાગ્યાં. જ્યાં સુધી અમારૂં કુટુંબ અહીં રહેવા આવ્યું ન હતું ત્યાં સુધી ચોકીદાર તારી સારસંભાળ રાખતો. ગૃહપ્રવેશ વખતે મુખ્ય દરવાજાની ડાબી તરફ ગર્વથી છાતી ફુલાવીને ઉભેલ તને જોઇને અમે સૌ ખુશખુશાલ થઇ ગયેલાં. ત્યારે તું એકદમ સીધો સોટા જેવો ઉભેલો, લાંબો ઊંચોને અલમસ્ત દરવાજા જેવો. ત્યારે તારામાં મેં એક યુવા પ્રહરીનો અટૂટ વિશ્વાસ જોયેલો. ત્યારે તારી શાખાઓ પણ કેવી મજબૂત હતી. પછી તો જોતજોતામાં અત્યારે વીસ વરસ વીતી ગયાં. તું એક પરિપક્વ સુંદર નવયુવાન જેવો કોઇને પણ જોઇને મોહક લાગતો હતો.

આ દરમિયાન છેલ્લા વીસ વરસમાં અમારી શેરીની સમૃધ્ધ પ્રતિષ્ઠા અને ઓળખ તું બની ગયો હતો. કોઇ અજાણ્યા ને અમારા ઘરનું સરનામું તારા સંદર્ભ વિના જાણે કે અધુરૂં લાગતું. આજે તારી અંતિમ ઘડીએ તારી આદમ કદ ઊંચાઇનું અનુમાન લગાવવું એ પણ મારા માટે મુશ્કેલ થઇ રહ્યું છે. અત્યાર સુધી તારા વર્ચસ્વનું કહેવું જ શું? લગભગ પચાસ સાઇઠ ફૂટ તો હશે જ. તારા અંતિમ સંસ્કાર વખતે હાજર અમે સૌ અને આડોશી પાડોશીઓ જ નહીં રસ્તે જતા લોકો પણ તેમાં ઉપસ્થિત થઇ ગયાં હતા. તું કેટલાય સમયથી કોઇ રોગથી પીડાઇ રહ્યો છે તેની કોઇને પણ ખબર ન હતી. હાં માળીએ એક દિવસ સવારે એ વાત કરીને સૌને ચોંકાવી દીધેલા. પરંતુ એ પછી તાત્કાલિક તારી સારવાર પણ ચાલુ થઇ ગયેલી. તારાં મૂળમાં સળવળતી અસંખ્ય ઉંઘઇની જીવાત જોઇ મારા મનને એટલો જ આઘાત લાગેલો જેટલો અચાનક 'કેન્સર'ની ખબર પડતાં કોઇને પણ લાગે છે. હજુ વધુ દિવસો પણ ગયા નહોતા ત્યાં તો તારૂં થડ નમવા લાગ્યું. મૂળમાંથી ધીમે ધીમે છૂટા પડવાનો આ કદાચ સંકેત હતો. તેથી હવે તું પહેલાં બાઉન્ડ્રી વોલ અને પછીથી છતના ઉપરના ભાગે તારો ભાર નાંખતો હતો. તેથી હવે એમ લાગતું હતું કે તું એટલો અશક્ત થઇ ગયો છે કે તારે પોતાનો ભાર પણ ઊંચકી શકે તેમ નથી. તારી ડાળીઓમાં સુકારો લાગતાં સુકાં પાનનો ઢગલો, ઉપરની છાલ સુકાતાં થઇ ગયેલો કથ્થાઇ રંગ અને મુરઝાવી ડાળીઓ જે પહેલાં કેવી સરસ લહેરાતી તે બધું હવે સુસ્ત અને મૌન ધારણ કરી રહ્યું હોય તેમ લાગતું હતું. આ મૌન તારી જીવંતતાનું નશ્વર સૌંદર્ય બની ગયું હતું. તારૂં જીવન સૌંદર્ય તો શરૂઆતથી જ આધ્યાત્મદર્શનનો વિષય સમાન લાગતું. તું કોઇ મસીહા હતો. ક્રિસમસ ટ્રી રૂપે જીવનભર છાંયા દેતો રહ્યો હતો. ઋતુએ ઋતુએ તારા બદલતાં રંગો અમે જોયા છે.

તારા વીસ વર્ષના જીવનની અનેક સ્મૃતિઓ મારા મનમાં સંઘરાયેલી પડી છે. ગયા વર્ષે કોલેજમાં 'ક્રિસમસ ડે' ઉજવવા તારી સુંદર ડાળને કુંડામાં લગાવીને ક્રિસમસ ટ્રી રૂપે કારમાં મુકીને અમે લઇ ગયેલાં. કોલેજમાં બીજેમાળે પગથિયાંથી કુંડા સહિત ચડવાનું મુશ્કેલ હતું. અમારા વચ્ચે આ બાબતે બહુ ભાંજગડ થઇ. તેથી જરાક વાર માટે મને હતાશા થઇ આવેલી. તને શણગારેલ ચળકતા ટમટમતા તારલા અને નાની નાની ઘંટડીઓ તેમ જ તારી નાજુક ડાળખીઓ પર જામેલ બરફ બતાવવા સફેદ રૂના ફાયા જાણે કે હમણાં પીગળી પાણી થઇ જશે. ઉપર હોલમાં ક્રિસમસની તૈયારીઓ પુરજોશમાં ચાલતી હતી. ક્રિસમસને દિવસે ક્રિસમસ ટ્રી ન હોય તો કેવું લાગે. હે ઇશુ કંઇક કરો. એમ હું વિચારતો હતો ત્યાં કોણ જાણે ક્યાંથી અચાનક થોડાક હાથો આગળ આવ્યા અને જોતજોતામાં કુંડું ઉપર પહોચી ગયું. પળભરમાં નાના નાના રંગીન બલ્બના ઝબકારાના પ્રકાશમાં શ્વેત બરફથી આચ્છાદિત તારો દેખાવ ખુબ સરસ રીતે સજાવટના આવરણથી સુશોભિત 'ક્રિસમસ ટ્રી' કાર્યક્રમની સુંદરતાને ચાર ચાંદ લગાવતો હતો. બસ આ તારો છેલ્લો ચમત્કાર હતો. મનમોહક અવિસ્મરણીય એ છબિ આજે પણ એવીને એવી જ મનમાં કંડારાયેલી છે.

મારી યાદદાસ્તમાં હજુ એ પળો સંઘરાયેલી પડી છે. એક વખત સાઉથમાં જતાં પહેલાં બનેલો બનાવ તેના ઘા ભરી ગયે ભલે એક લાંબો સમય વીતી ગયો હોય છતાં તેની નિશાનીઓ હજુ પણ છે. તે દિવસે સવારે બચીચામાં સિંચન કર્યા પછી એક હાથે તારી ડાલ પકડીને નળ બંધ કરવા જતાં નીચે નમવાનું કેવું ઘાતક નીવડેલું. અચાનક મોટો અકસ્માત થઇ ગયો. મને તો ત્યારે કલ્પના પણ નહોતી કે તારી મજબૂત દેખાતી ડાળીઓ આટલી નબળી હોતી હશે. નળ બંધ કરવા માટે નીચે નમવા જતાં આંખના પલકારામાં ડાળ ભાંગીને મારા હાથમાં અને હું ધડામ્ કરતો નીચે કાંટાળા તારની વાડ પર, મારો હાથ વાડમાં ફસાઇ ગયેલો તેનું મને તો ભાન જ નહોતું. એકદમ ઊભો થવા ગયો ત્યાં દૂર સ્કૂલ બસની રાહ જોઇને ઊભેલાં બાળકો એ મારા શર્ટ પર લોહી જોયું. એમ લાગતું કે કોણીના ભાગે કાંટાળા તારની અણીઓથી મોટો ઉઝરડો થયો છે. તેમાં ચામડી ઉખડી પડેલી છે અને લોહી વહી રહ્યું છે. તરત જ અમે નજીકના દવાખાને ભાગ્યા. ડોકટરે ટાંકા લઇ પાટાપીંડી કરી દીધી. તે પછી લગભગ મહી એ ઘા મટેલો. કોણીમાં તેની નિશાની હજુ પણ દેખાય છે. હાં આજ પછી તારા અસ્તિત્વનું કોઇ નિશાન અહીં રહેશે નહી. તારી નશ્વરતાને તે સાર્થક કરી છે. ઢગલાબંદ ઇચ્છાઓની તમામ ડાળો અમારી સામે ઉપજેલી.

આજે અત્યારે તારા અંતિમ સંસ્કારની તૈયારીઓ ચાલી રહી છે. તારી મૈયત પર ઘેરાયેલા અવસાદના ભાગીદાર અમે માણસો એકલા નથી. પક્ષીઓનો કલબલાટ એક સામુહિક અવાજ વધતો જ જાય છે. આ કાપવા વાળાઓને આઠસો રૂપિયા રોકડા આપ્યા છે. તેમના હાથમાં કુહાડીઓ છે. સાથે તીક્ષ્ણ દાંતાવાળી કરવત પણ છે. તારા મૂળની આસપાસ ખાડો ખોદી એ લોકોએ પોતાનું કામ શરૂ કર્યું. ખાસ્સી મહેનત પછી બહારની લોન બાજુ તું નમી પડ્યો છે. અડધો ભાગ રસ્તા ઉપર જતો રહ્યો છે. ટ્રાફિકજામ થઇ ન જાય તે માટે તારા દેહ પર કરવત ચાલી રહી છે. તને કદાચ તેના દર્દનો અનુભવ નહીં થતો હોય પણ હું તો જીવીત છું ને? જોતજોતામાં તારા બે ભાગ એ લોકોએ કરી નાંખ્યા. તે પછી નાના નાના ટૂકડાઓ કરવા લાગ્યા. થોડી જ વારમાં જોતજોતામાં તારૂં અસ્તિત્વ શૂન્યમાં પરિવર્તિત થઇ ગયું. પણ કોણી પર નજર પડે છે તો એક સંતોષ થાય છે એમ લાગે છે કે પેલી નિશાની હજુ મારી પાસે છે. તારી અનેક ડાળો પર પક્ષીઓએ ઇચ્છાઓના તણખલાંઓથી વિશ્વાસના નીડ બનાવ્યા હતા. તારા અર્થીને હટાવતાં અહીં નહીં વિખરાયેલાં ઇંડાના ફોતરાં તેમના કલરવની વસ્તીના આંખે દેખ્યા સાક્ષી છે. પક્ષીઓની સાથે સાથે ખોસકોલીની મસ્તી પણ મૌન થઇ ગઇ છે. કાગડો, કોયલ, બુલબુલ, કાબર એ બધાં તારી બાજુમાં ખરી પડેલાં ફૂલોથી શ્રધ્ધાંજલિ આપતાં બાજુમાં ગુલમહોર પર શોકસભા ભરી બેઠાં છે.

- vanvihari@gmail.com

મોદી જ ગુજરાતનાં નરેન્દ્ર...!! અગ્નિ પરિક્ષામાંથી હેમખેમ બહાર...!!

'ગુજરાતનો હનુમાન' કોમન મેનનાં હૃદયમાં વિકાસનું ઘર કરવામાં સફળ થતાં ગુજરાતનાં સિંહાસન પર રાજ્યાભિષેક કરી આરૂઢ થયા

Hello ફ્રેન્ડસ!

- સંજય થોરાત

નરેન્દ્ર મોદીએ સતત ત્રીજી વખત વિરોધમાં વાવાઝોડા અને સેન્ડીથીય ભયાનક વિરોધનાં તાંડવ વચ્ચે પોતાની સત્તા બચાવી રાખી મુખ્યમંત્રી તરીકે આરૂઢ થવાં જઇ રહ્યાં છે... મતદાનની પવિત્ર ફરજ ગુજરાતની જનતાએ નિભાવી અને એનો સીધો લાભ આપણાં મુખ્યમંત્રીને મળ્યો છે, જયારે જયારે શિક્ષિત લોકો ચૂંટણી પ્રક્રિયામાં સામેલ થયાં છે ત્યારે ધાર્યા પરિણામો આવ્યાં જ છે!!

''દિશા બદલીએ દશા બદલીએ'', ''ઘરનું ઘર'', મફત લૅપટૉપ અને પરિવર્તનના વાવાઝોડામાં સત્તાની ઉથલપાથલ થવાની વકી હતી અને વિકાસને માણી ચૂકેલી જનતા જાણી ગઇ કે જો થોડીય નિષ્ક્રીય રહ્યાં તો વિકાસની દિશા પટલાઇ જશે... ગુજરાત વિધાસનભામાં આ વખતના જબરદસ્ત પ્રચારને કારણે સત્તા પલટનાં યોગથી કદાચ સત્તાધારી પક્ષની ઘડકનોય તેજ જ હશે, પણ ભલું થજો મુખ્યમંત્રીનું તે માત્ર એકલાના જોરે, વિકાસગાથાનું વ્યવસ્થિત માર્કેટીંગ કરી યુવાનોને આકર્ષી હારનાં અપયશથી બચી ગયાં!!

આ વખતની ચૂંટણી એ મોદીજી માટે પથ્થર પરની લકીર નહીં પણ રેતી પરની લકીર હતી અને ક્યારે એકાદ મોજામાં લીટી ભૂંસાય એવી શક્યતા હતી પણ વિરોધોના મોજાની દિશા પલટી એમણે એમની લીટી માત્ર બચાવી જ નહીં પણ અન્ય નેતાઓની મોટી પણ કરી... સળંગ ત્રણ ટર્મ સુધી ટકીને પાછા ચૂંટાવી આવવું એટલું સહેલું નથી હોતું... ગઇ ચૂંટણીમાં ૧૧૭ સીટો જીતીને આવેલા મુખ્યમંત્રી જો આ વખતે એક સીટ પણ ઓછી મેળવશે તો એમનો પરાજય થયો છે એવું સમજવું એવું તરકટ પ્રસાર માધ્યમોએ કરેલું. મોદીને કેટલો યશ-અપયશ મળશે તે બાબત પર છેલ્લાં બે-ત્રણ મહિનાથી વિવિધ ચેનલોએ વિશ્લેષણોનો મારો ચલાવી, મોદીને સત્તા મળશે કે નહિં? બહુમતી મળશે કે નહીં? જેવા પ્રશ્નોનો જડબાતોડ જવાબ વિજય મેળવી આપી દીધો છે અને એમની રાજકીય વગ વધારી દીધી છે!!

આ ચૂંટણીના પરિણામો બાદ અચૂક વાતોની અધિક સ્પષ્ટતા કરવી જરૂરી છે. ૨૦ વર્ષ સુધી કોંગ્રેસને ગુજરાત જેવા રાજયમાં નેતૃત્વ તૈયાર કરવામાં સંપૂર્ણ અસફળતા મળી છે. શંકરસિંહ વાઘેલા જેવા નેતાની આયાત કરી, પણ ત્યાંય થાપ ખાઇ ગયાં. વાઘેલાં પોતે સક્ષમ છે પણ અન્યોને માર્ગદર્શન આપી જીતાડી લાવવામાં ક્યાંક ગોથું ગાઇ જાય છે. નેતૃત્વની વાત માત્ર ગુજરાત પુરતી જ સમિતિ નથી પણ મહારાષ્ટ્ર, તામિલનાડુ, આંધ્રમાં પણ કોંગ્રેસ ખમતીધર નેતા પેદા કરી શક્યું નથી અને એનો સીધો લાભ વિરોધપક્ષો લઇ જાય છે, એમાંય ગુજરાતમાં નરેન્દ્ર મોદી સામે મુકાબલો...

જે ગુજરાત રાજય સૌતી વધુ એમ.પી. ચૂંટીને મોકલે છે. એવામાં એજ કોંગ્રેસ પક્ષ સત્તા માટે રીતસરનો ઝઝુમતો જોવા મળે છે. પોતાના પક્ષમાંથી મેળ ના પડતાં કેશુભાઇ કોંગ્રેસની પ્રાણવિહીન ફૂંકોથી રાખ જ ઊડી અને પટેલ સમાજમાં કિંગ સાઇઝ નેતા કેશુભાઇ પરિવર્તનની બેટથી માત્ર બે જ બેટ્સમેનને વિધાનસભાનાં મેદાનમાં લાવી શક્યાં... એમને માન મરતબો આપી નરેન્દ્ર મોદીએજ પોતાની મહાનતા સાબિત કરીને કીધું કે કામ

પત્યું હોય તો બેટ પાછું આપો સચિનને અની જરૂર છે, આઉટ ઑફ ફૉર્મ સચિન અને કેશુભાઇ બંનેએ નિવૃત્તિ લેવાની જ જરૂર છે!!

નરેન્દ્ર મોદીની વડાપ્રધાનની ખુર્શી તરફની ગઇ જોઇ એમનાં જ પક્ષનાં ઇચ્છતા હતાં કે બાપજી હારે તો સારૂં હરિફાઇમાંથી બહાર થઇ જાય અને એવું કરવાની સોગઠાબાજી પણ ગોઠવાયેલી... મોદી આત્મકેન્દ્ર છે અને જરૂર પડે ગમે તેની કુકરી મારી લાવે એવાં છે એવાં ઉદાહરણો આ ચૂંટણીમાં જોવા મળ્યાં, મોદીની કાર્યશૈલીથી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પણ ઓશીયાળો દેખાતો હતો... ગડકરી, સુષ્મા, અડવાણી કે નિતિશકુમાર પણ અંદરખાને ઇચ્છતા હતાં કે નરેન્દ્ર મોદીની પીછેહઠ થાય તો સારૂં... પણ ગુજરાતની વિકાસને ઝંખતી જનતાએ બધાંના ગણિત ફેરવી મોદીને ખોબલે ખોબલાં મત આપી 'શક્તિમાન' બનાવી દીધાં!!

વિરોધની અગ્નિ પરિક્ષામાંથી હેમખેમ બહાર પડેલાં મુખ્યમંત્રી આવનારાં વર્ષોમાં વધુ સાવધ થઇ વિકાસના હથિયારથી જ માત્ર ગુજરાતમાં જ નહીં પણ વિશ્વનામના મેળવશે... આપણને કોઇ એકાદ અપમાનજનક વાકય બોલે કે એકાદા નાના પોલીસ કેસમાં સપડાઇએ તોય રાતોની ઊંઘ ખરાબ થઇ વિચલિત થઇએ છીએ ત્યારે નરેન્દ્ર મોદીને પછાડવા રોજના છાપાના છાપા ભરી વિરોધી ન્યૂઝ, ચેનલોનાં બ્રેકીંગ ન્યૂઝ અને હંફાવવા વિરોધ પક્ષના રાજકીય નેતાઓ ઉતરી પડેલાં અને તોય નરેન્દ્ર મોદી વિકાસના વહાણને સહારે તરી ગયાં, ખરેખર ધન્યવાદને પાત્ર છે... એમની બાહોશી, અડગ મનોબળ, વિરોધના વાવાઝોડા વચ્ચે નમીને ફરી ઊભા થવાની શક્તિને જરૂર કોઇ દૈવીબળ મળી રહ્યું છે. મોદી જ ગુજરાતનાં નરેન્દ્ર બન્યાં છે ત્યારે રાજાએ પ્રજાને સુખી કરવા આપેલાં વચનો પુરા કરવા મચી પડશે એવી જ અપેક્ષા રાખવી રહી...

ચૂંટલો :

આપણે રોજની આપણી પ્રવૃત્તિ જોઇએ તો કંઇ નવું નથી લાગતું પણ દરેક વર્ષ પહેલાંનું યાદ કરીએ તો બધું બદલાયેલું લાગે છે... નરેન્દ્ર મોદીએ એવુંજ કાર્ય કર્યું છે જ્યાં ૧૦-૧૨ વર્ષની રીલ રિવાઇન્ડ કરશો તો બદલાયેલાં ચિત્રોની મજા માણી શકશો.

દેશના લોકોએ દેશની 'દિશા અને દશા' બદલવા ચમત્કાર સર્જવો પડશે!

હળવાશની ક્ષણોમાં !

ચાલો રીવર્સ જઈએ : -વોલમાર્ટથી દાંડીમાર્ચ!

- ચિત્રસેન શાહ

'કેબીસી' પરથી પ્રેરાઇનેપ્રથમ તો આ લેખને 'કેબીજી' શિર્ષક આપવાની ઇચ્છા હતી! KBG કૌન બનેગા ગાદીપતિ?! પરંતુ રાબેતા મુજબ લેખ લખવામાં Late Lateef એવા અમે મોડા પડ્યા અને ગાદીપદી નક્કી થઇ ગયા તેથી શિર્ષક નિરર્થક બની રહે! જો કે સ્પર્ધક પાંચ કરોડ રૂપિયા નહીં પરંતુ અમૂલ્ય છ કરોડના દિલ જીતી ગયા છે!

તેથી હવે રાષ્ટ્રીય નેતૃત્વના રેફરન્સમાં પણ શિર્ષક KBG આપી જ શકાય! કેબીજી - કૌન બનેગા (દિલ્હીના) ગાદીપતિ!

પરંતુ આ શિર્ષક ૨૦૧૪ સુધી રીઝર્વ રાખીએં તો અત્યારે લેખને શિર્ષક શું આપવું તેના વિચારમાં અમે ફૈબાની શોધમાં નીકળી પડ્યાં! (નામ પાડે તે ફૈબા!) ફૈબા તો મળ્યા પરંતુ તે ઉકળાટમાં હતા! ફૈબા તો ઠીક આખું ઇન્ડિયા ઉકળાટમાં છે - ઉશ્કેરાટમાં છે - ગુસ્સામાં છે! દરેક જણનો એક જ મિજાજ છે અને તે એ કે દિલ્હીના બહુ જ ધૃણાસ્પદ ગેંગરેપના બનાવમાં આરોપીઓને તાત્કાલિક ફાંસી આપી દેવી જોઇએ. અરે અમારૂં તો માનવું છે કે, જેટલા ફાંસીના કેસ રાષ્ટ્રપતિ પાસે પેન્ડિંગ પડેલા છે, તે બધાને આ બનાવમાં આરોપીઓ સાથે જ ફાંસીના માંચડે ચડાવી દઇ રાષ્ટ્રપતિએ પોતાની 'સ્લેટ' કોરી કરી નાખવી જોઇએ! પછી ૨૦૧૩માં નવી ઘોડી નો દાવ! ટેબલ Clear હોય તો કોળઇને પણ કામ કરવાની મજા આવે! રાષ્ટ્રપતિને પણ આવવી જ જોઇએ. વળી, ફાંસીની સજા પામેલા ગુન્હેગારોથી યાતના પામેલા નિર્દોષ લોકો પણ તેને ક્રિસમસની ભેટ તરીકે થોડી ઘણી રાહત અનુભવી શકે!

પરંતુ આ માટે સંસદમાં કાયદા બદલવા જરૂરી બને. બીજા બધા કામ પડતા મુકી સંસદે આવા કાયદા બદલવાનું કામ ત્વરીત હાથ પર લેવું જોઇએ. પરંતુ આવા ત્વરિત નિર્ણય અને તેનો તાત્કાલિક અમલ તો 'સરદાર' જેવા લોખંડી પુરૂષ જ કરાવી શકે - 'સિંહ' જેવા નહીં!

બાકી 'સિંહ' જેવાને તો તેમની જ ઓફિસમાં એક પ્રદાન કહી ગયા કે - 'મુંબઇનો ૨૬/૧૧ નો હુમલો અને અયોધ્યાની રામજન્મભૂમિ/ બાબરી મસ્જિદ ધ્વંસ એ બે ઘટના એક સરખી ગણી શકાય!' લ્યો, કરો વાત! 'સિંહે' ગીરની સિંહની માફક ત્રાડ તો નાખી નહીં જ પરંતુ 'બકરી' બનીને સાંભળી પણ લીધું! 'વાઘ-બકરી નહીં પણ 'સિંહ-બકરી!.'

વડાપ્રધાનની ઓફિસે તો એવો જવાબ આપવો જોઇતો હતો કે - 'અયોધ્યાનો કેસ એ અમારો આંતરિક મામલો છે તેને આંતકવાદી હુમલા સાથે સરખાવવાની ગુસ્તાખી તમે કરી જ કેમ?! વળી પાકિસ્તાનમાં તો અવારનવાર હિન્દુ મંદિરો તૂટે છે તેનું શું?'

તેથી હવે દેશના લોકોએ દેશની 'દિશા અને દશા' બદલવા ચમત્કાર સર્જવો પડશે!

પરંતુ આ 'અગ્નિપથ' માં વચ્ચે ઘણા 'યાદવો', 'કુમારો' જ દેખાય છે! હિન્દુસ્તાનનું જે થવાનું હોય તે થાય!

મૂળ ટ્રેક પરથી આપણે નીચે ઉતરી આગળ ચાલ્યા ગયા છીએ, તા ચાલો - રિવર્સ જઇએં! અગાઉ જણાવ્યું છે તેમ લેખને શું શિર્ષક આપવું તે માટે અમે ફૈબાની શોધમાં ગયા! બીજા એક ફૈબા મળી પણ ગયા! અમે ફૈબાની શોધમાં હતા તો ફૈબા પણ કામની શોધમાં હતા! (ટી.વી. પર આવતાં ઇલેકશનના સમાચારો જોવામાંથી ફી થયા હોવાથી!)

ઘણીવાર આવું બનતું હોય છે!

આપણે કોઇ કામવાળા કે કામવાળીની શોધમાં હોઇએં છીએ. ત્યારે એ લોકો કોઇ શેઠ કે શેઠાણીની શોધમાં હોય છે!

એ ફૈબાએ - લેખનું નામ રિજેક્ટ કર્યું -

"ચાલો રિવર્સ જઇએ.
વૉલમાર્ટથી દાંડી માર્ચ!"

પ્રથમ અમને નવાઇ તો લાગી પરંતુ વાતચીતને અંતે ખબર પડી કે એ ફૈબા ગુજરાતી ડ્રામાના શોખિન હતા તે ઉપરાંત ઇતિહાસ, કરન્ટ બનાવો વિ.માં પણ તેમને દિલચસ્પી હતી તે પરથી તેમણે આ નામ સજેસ્ટ કર્યું હતું!

તે ફૈબા પણ ઉકળેલા તો હતા જ - પરંતુ રીટેઇલમાં FDI અંગે! (રિટેઇલ બિઝનેશમાં ફોરેન ડાયરેક્ટર ઇન્વેસ્ટમેન્ટ) સંસદના ચાલુ સત્રમાં રિટેઇલમાં FDI મુદ્દે ગરમાગરમ ચાલી રહી હતી ત્યારે જ અમેરિકાની 'વૉટ માર્ટ' જેવી ઇન્ટરનેશનલ રિટેઇલ જાયન્ટ કંપનીએ જાહેર કર્યું કે -

'ભારતમાં લૉબિંગ માટે અમે ૧૨૫ કરોડ રૂપિયા ઠાલવ્યા છે!'

(અનુસંધાન પાના નં. ૬ પર)

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૨૬મી ડિસેમ્બર

- અસહકારની ચળવળના સેનાની પ્રસિદ્ધ હિન્દી સાહિત્યકાર યશપાલજીની પુણ્યતિથિ. અસંખ્ય પુસ્તકો દ્વારા હિન્દી સાહિત્યને સમૃદ્ધ બનાવ્યું. સાહિત્યવાચસ્પતિ અભિધાનથી તેમનું બહુમાન થયું હતું.
- ૧૫૩૦ - મોગલ સલ્તનતના સ્થાપક શહેનશાહ બાબરનું અવસાન. કુશળ સૈનિક, લલિતકલાનો જાણકાર અને તુર્કીનો સારો ગદ્યલેખક.
- ૧૯૦૬ - દાદાભાઇ નવરોજીએ જાહેર કર્યું. 'હિન્દનું ધ્યેય સ્વરાજ હાંસલ કરવાનું છે.'
- ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની ફાબર્સ સાહેબના વડપણ હેઠળ સ્થાપના - ૧૯૪૮.
- ૧૮૮૩ - ચીનના ક્રાંતિકારી નેતા માઓ-ત્સે-તુંગનો જન્મ.

- ૧૬૬૬ - શીખગુરૂ ગોવિંદસિંહનો જન્મ.
- ૧૯૦૭ - સાહિત્યસર્જક - સમાજ સુધારક કેશવલાલ પરીખનું અવસાન.